# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૭૦ (A) તા.૬-૯-૧૭

ફક્ત મ્યુનિ.શાળાઓ માટે :-

વિષય :- આધાર એનરોલમેન્ટ અંગેની ટેલીકોન્ફરન્સ બાબત.

સંદર્ભ :- પત્ર ક્રમાંક : પ્રાશિનિ/ટેલી.કોન્ફ./૨૦૧૭/૭૬૪૩-૯૫ તા.૫-૯-૧૭નો પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરીનો પત્ર.

આથી તમામ મ્યુનિ.શાળાઓનાં મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનુ કે, મ્યુનિ. શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનાં આધાર એનરોલમેન્ટ અન્વયે જરૂરી માર્ગદર્શન માટે તા.૦૭-૦૯-૨૦૧૭ના રોજ સવારે ૧૧-૦૦ થી ૧૨-૦૦ કલાક દરમ્યાન ટેલીકોન્ફરન્સનું આયોજન કરવામાં આવેલ છે. જેનુ બાયસેગ દ્વારા લાઈવ ટેલીકાસ્ટ કરવામાં આવનાર છે. તો તમારા શાળાના પ્રાથમિક શિક્ષકો સહિત સૌ કોઈ આ લાઈવ ટેલીકાસ્ટ અચૂક નિહાળે તેવું આયોજન કરવું.

તા. ૬-૯-૧૭

ડૉ. એલ.ડી.દેસાઈ

શાસનાધિકારી

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૭૦ (B) તા.૬-૯-૧૭

ફક્ત મ્યુનિ.શાળાઓ માટે :-

**વિષયઃ-** **ડીજીટલ ગુજરાત પોર્ટલ પરની શિષ્યવૃત્તિ-ગણવેશ સહાય યોજના બાકી વિદ્યાર્થીઓની ઓનલાઈન એન્ટ્રી કરવા બાબત.**

**સંદર્ભઃ-** **૧. વડી કચેરીના પત્રક્રમાંક /વિજાક/શિક્ષણ/૨૦૧૭-૧૮/૨૭૩૧-૨૩૬૩ તા.૨૨-૮-૧૭.**

**૨. જિતાનિ/વિજા/શિ.વૃતિ.૧ થી ૧૦/૨૦૧૭-૧૮/૬૫૪૨ જિલ્લા નાયબ નિયામક વિકસતી જાતિ કલ્યાણની કચેરીતા.૨૩-૮-૧૭**

આથી તમામ શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે ડીજીટલ ગુજરાત પોર્ટલ (કોમન સર્વિસ પોર્ટલ) ડેવલોપ કરવામાં આવેલ છે.આ યોજનાઓનો ચાલુ વર્ષ ૨૦૧૭-૧૮ થી https//digitalgujarat.gov.in મારફતે ફરજિયાત ઓનલાઈન દરખાસ્ત મેળવી અમલ કરવાનો થાય છે. ચાલુ વર્ષ ૨૦૧૭-૧૮ થી આ સાથેના પત્ર મુજબની યોજના ઓફલાઈન પત્રકોના આધારે મંજૂર કરવામાં આવનાર નહી હોવાથી દરેકે સમયમર્યાદામાં કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

સરકારશ્રીના પત્ર મુજબ ડેટા એન્ટ્રીની તા.૧૧-૯-૧૭ સુધીમાં પૂર્ણ કરવાની રહેશે તથા વધુ વિગતો પરિપત્રમાં આ સાથે સામેલ છે તેનો ચોકસાઈપૂર્વક અભ્યાસ કરી અમલ કરવો. અન્યથા કોઈપણ બાળકોની સ્કોલરશીપ બાકી રહેશે તે જવાબદારી જે તે મુખ્ય શિક્ષકશ્રીની રહેશે.

તા. ૬-૯-૧૭

ડૉ. એલ.ડી.દેસાઈ

શાસનાધિકારી

# પરીપત્ર

ડીજિટલ ગુજરાત પોર્ટલનં.
અગત્યનું, સમયમર્યાદા

જિનાનિ /વિજા/શિ.વૃત્તિ ૧થી૧૦/૨૦૧૭-૧૮/6542.
જિલ્લા નાયબ નિયામક
વિકસતી જાતિઓના કલ્યાણની કચેરી,
ઓ-૯, ન્યુ.મેન્ટલ હોસ્પીટલ કેમ્પસ,
મેઘાણીનગર, અમદાવાદ-૩૮૦૦૧૬.
ફોન : ૨૨૬૮૩૦૯૬
E-mail: dydir_dcw@yahoo.in
તા.૨૩/૦૮/૨૦૧૭

પ્રતિ,
૧. આચાર્યશ્રી,
.................................પે-સેન્ટર શાળા,
મુ. ...........................
તા.............................જિ. અમદાવાદ
જિલ્લા શાસનાધિકારીશ્રી,
જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીશ્રી,
અમદાવાદ જિલ્લાની તમામ ગ્રાન્ટ ઇન એઇડ/સરકારી પ્રાથમિક શાળાઓ-શહેર/ગ્રામ્ય... (ધોરણ ૧ થી ૮)
અમદાવાદ જિલ્લાની તમામ ગ્રાન્ટ ઇન એઇડ/સરકારી માધ્યમિક શાળાઓ-શહેર/ગ્રામ્ય...(ધોરણ ૯ થી ૧૦)

વિષયઃ-**Digital Gujarat Portal** પરની શિષ્યવૃત્તિ-ગણવેશ સહાય યોજના બાકી વિદ્યાર્થીઓ તેમજ ધો. ૯ અને ૧૦ (માધ્યમિક) ના વિદ્યાર્થીઓની Online Data Entry કરવા બાબત.

સંદર્ભઃ- વડીકચેરીના પત્ર ક્રમાંક/વિજાક/શિક્ષણ/૨૦૧૭-૧૮/૨૭૩૧-૨૭૬૩, તા.૨૨/૦૮/૨૦૧૭.

શ્રીમાન,

જયભારત સહ ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, રાજ્ય સરકારના વિકસતી જાતિ કલ્યાણ ખાતા હસ્તકની આ કચેરી દ્વારા અમલ થતી સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, આર્થિક રીતે પછાત વર્ગ, લઘુમતિ, વિચરતી વિમુક્ત તેમજ અતિપછાત જાતિઓની યોજનાઓ અંતર્ગત વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ સહાયનો લાભ સીધા તેઓના બેંક ખાતામાં એક જ જગ્યાએ ચુકવી શકાય તે હેતુ થી રાજ્ય સરકાર દ્વારા **Digital Gujarat Portal (Common Service Portal)** ડેવલોપ કરવામાં આવેલ છે.

આ પોર્ટલમાં હાલ વિકસતી જાતિ કલ્યાણ ખાતાની આ સાથેના પત્રક-અ મુજબની અગીયાર (૧૧) યોજનાઓનો સમાવેશ કરવામાં આવેલ છે. આ યોજનાઓનો ચાલુ વર્ષ ૨૦૧૭-૧૮થી **Website: https://www.digitalgujarat.gov.in** મારફત ફરજીયાત **Online** દરખાસ્તો મેળવી

અમલ કરવાનો થાય છે. ચાલુ વર્ષ ૨૦૧૭-૧૮થી **આ સાથેના પત્રક મુજબની યોજના ઓફ લાઇન પત્રકોના આધારે મંજુર કરવામાં આવશે નહી.**

તેમજ સરકારી પ્રાથમિક શાળા, અનુદાનિત પ્રાથમિક શાળામાં નવા પ્રવેશ પામેલ ધોરણ-૧ તથા અન્ય ધોરણમાં નવા પ્રવેશ પામેલ SEBC, EBC, Minority, NT/DNT, અતિપછાત, વધુ પછાત જાતિનાં વિદ્યાર્થીઓની Digital Gujarat Portal પરની વેબસાઈટ **www.digitalgujarat.gov.in** પર વર્ષ ૨૦૧૭-૧૮ ની શિષ્યવૃત્તિ- ગણવેશ સહાય યોજનાની Online Data Entry કરવી.

સરકારી અને અનુદાનીત માધ્યમિક શાળાનાં ધો.૯ અને ૧૦ ની SEBC, EBC, Minority, NT/DNT, અતિપછાત, વધુ પછાત જાતિનાં વિદ્યાર્થીઓની BCK-76, BCK-136, BCK-289 શિષ્યવૃત્તિ યોજનાની Online Data Entry કરવી.

**દિન-૧૫ માં પ્રાથમિક, માધ્યમિક શાળાએ ફક્ત વિદ્યાર્થીઓની Data Entry કરવાની કાર્યવાહી સમય મર્યાદામાં પુર્ણ કરવાની રહેશે.**

ઉપરની સુચના મુજબ પ્રાથમિક, માધ્યમિક શાળાઓથી વિદ્યાર્થીઓની Data Entry ની કામગીરી **તા.૧૧/૦૯/૨૦૧૭** સુધીમાં પુર્ણ થયેથી Data Entry વાળા વિદ્યાર્થીઓના બેંક એકાઉન્ટ વેરીફીકેશન (Validation) ની કામગીરી રાજ્યકક્ષાએ SBI/NPCI મારફતે કરાવીને પોર્ટલમાં જે તે શાળાના Login માં બેન્ક વેલીડેશનનું સ્ટેટસ આપ્યા પછીથી જે તે શાળાના આચાર્યશ્રીએ જે જાતિ મુજબ બીસીકે વાઈઝ લાગુ પડતી યોજનાની પ્રપોઝલો Online બનાવવાની રહેશે. ત્યારબાદ બનાવેલ પ્રપોઝલોને Online જિલ્લા કક્ષાએ ફોરવર્ડ કરવાની રહેશે. ફોરવર્ડ કરેલ પ્રપોઝલોની શાળા દ્વારા પ્રિન્ટ લઈ અત્રેની કચેરીએ આચાર્યશ્રીના સહી સિક્કા સાથે રજુ કરવાની રહેશે.

તો ઉપરોક્ત વિગતોએ નવા પ્રવેશ ધોરણ ૧ તથા અન્ય ધોરણ પ્રાથમિક શાળામાં તથા ધોરણ ૯ અને ૧૦ માધ્યમિક શાળામાં આ ખાતાની યોજનામાં જે તે જાતિવાર યોજનામાં વિદ્યાર્થીઓની ફક્ત Data Entry ની કામગીરી સમય મર્યાદામાં પુર્ણ કરવા વિનંતી છે.

## <u>શાળાએ Online Entry કરવા માટે ધ્યાનમાં રાખવાના મુદ્દા:</u>

૧. ઓનલાઇન દરખાસ્ત <u>https://www.digitalgujarat.gov.in</u> મારફત કરવાની રહેશે.

૨. શાળા માટે DISE Code તેઓનો યુઝર આઇ.ડી છે અને By Default પાસવર્ડ Abcd@123 છે. જે પ્રથમવાર લોગીન થયેથી ફરજિયાત બદલવાનો રહેશે.

૩. પ્રત્યેક શાળા/સંસ્થાએ દિન-૧માં ડીઝીટલ ગુજરાત પોર્ટલમાં પોતાના યુઝર આઇ.ડી./પાસવર્ડથી પ્રથમ વખત લોગીન કરી લેવાનુ રહેશે.

૪. વિદ્યાર્થીઓની એન્ટ્રી એક વખત કરવાની હોય વિદ્યાર્થીઓની તમામ મરજીયાત અને ફરજીયાત વિગતો અવશ્ય નાખવામાં આવે તે વધુ યોગ્ય છે. કારણ કે આવતા વર્ષે ફરીથી આ વિદ્યાર્થીના ધોરણ સિવાયની માહિતી બદલવાની રહેતી નથી. સિવાય કે વિદ્યાર્થીએ અભ્યાસ છોડી દિધેલ હોય.

તમામ વિદ્યાર્થીઓના બેંક એકાઉન્ટમાં બેંકનું નામ, એકાઉન્ટ નંબર, "IFSC CODE" ,વિગતો આપવી ફરજીયાત છે. વિદ્યાર્થીઓની બેંક ખાતાની વિગતો ખોટી આપવામાં આવશે અને શિષ્યવૃતિ અન્યના ખાતામાં જમા થશે તે અંગેની જવાબદારી શાળા/સંસ્થાની રહેશે.

૬. તમામ વિદ્યાર્થીઓના આધારકાર્ડની વિગતો અવશ્ય આપવાની રહેશે.

૭. ગણવેશ સહાય યોજનાની બાય ડીફોલ્ટ ધોરણ-૧ થી ૮ની Entry તૈયાર થઈ જ જશે. જેથી અલગ થી Entry કરવાની રહેશે નહિ. ગણવેશ સહાય યોજનાની દરખાસ્ત બનાવવા માટે Portal ના Menu SJED>Director Developing Caste Welfare>Create Uniform Proposal માં જવાનું રહેશે.

૮. ડીઝીટલ ગુજરાત પોર્ટલના પ્રશ્ને જરૂર જણાયે હેલ્પ ડેસ્ક નં 18002335500 પર સંપર્ક કરવાનો રહેશે અથવા કચેરીનો રૂબરૂ સંપર્ક સાધવાનો રહેશે.

(એમ.પી.ઠાકર)
જિલ્લા નાયબ નિયામક
વિકસતિ જાતિઓના કલ્યાણની કચેરી
અમદાવાદ જિલ્લો, અમદાવાદ

બિડાણ:
૧.અત્રેના ખાતાની પોર્ટલમાં સમાવેશ
કરેલ યોજનાઓની વિગત (પત્રક-અ)

નકલ સવિનય રવાના:-

૧. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, અમદાવાદ ગ્રામ્ય જાણ તેમજ દરેક સરકારી અને ગ્રાંન્ટ-ઇન-એઇડ શાળાઓને Online દરખાસ્ત મોકલવા જરૂરી સુચના થવા વિનંતી.
૨. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, અમદાવાદ શહેર જાણ તેમજ દરેક સરકારી અને ગ્રાંન્ટ-ઇન-એઇડ શાળાઓને Online દરખાસ્ત મોકલવા જરૂરી સુચના થવા વિનંતી.
૩. જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીશ્રી તમામ સરકારી અને ગ્રાંન્ટ-ઇન-એઇડ શાળાઓ ઓન-લાઇન દરખાસ્ત મોકલવા જરૂરી સુચના થવા વિનંતી.
૪. જિલ્લા શાસનાધિકારીશ્રી ગ્રામ્ય જાણ તેમજ દરેક સરકારી અને ગ્રાંન્ટ-ઇન-એઇડ શાળાઓને Online દરખાસ્ત મોકલવા જરૂરી સુચના થવા વિનંતી.
૫. જિલ્લા શાસનાધિકારીશ્રી શહેરી જાણ તેમજ દરેક સરકારી અને ગ્રાંન્ટ-ઇન-એઇડ શાળાઓને Online દરખાસ્ત મોકલવા જરૂરી સુચના થવા વિનંતી.

•માન. નિયામકશ્રી વિકસતી જાતિ કલ્યાણ ખાતુ ,ગુ.રા.ગાંધીનગર તરફ જાણ થવા વિનંતિ.

# કોમનસર્વિસપોર્ટલમાટેDIGITAL GUJARAT PORTAL માં ON LINEકરવાનીયોજનાઓનીવિગત

## સામાજિકન્યાયઅનેઅધિકારીતાવિભાગ

## નિયામકવિકસતીજાતિકલ્યાણ, ગુ.રા.ગાંધીનગર

### પત્રક - અ

| ક્રમ | યોજનાનુંનામ | જાતિ | ધોરણ | કુમારકન્યા | શિષ્યવૃતિ દર (વાર્ષિક) | વાર્ષિકઆવકમર્યાદા ગ્રામ્યવિસ્તાર | વાર્ષિકઆવકમર્યાદા શહેરીવિસ્તાર | શાળાઓનીવિગત |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૧ | બી.સી.કે. ૭૭ધો. ૧થી૪ના વિદ્યાર્થીઓની શિષ્યવૃતિ | સા.શૈ.પ.વર્ગ | ધો. ૧થી૪ | કુમારકન્યા | રૂ.૫૦૦/- | આવકમર્યાદાનથી | | સરકારી/અનુદાનિત પ્રાથમિકશાળા |
| ૨ | બી.સી.કે. ૩૫૧ધો. ૧થી૪ના વિદ્યાર્થીઓની શિષ્યવૃતિ | આ.પ.વર્ગ | ધો. ૧થી૪ | કુમારકન્યા | રૂ.૫૦૦/- | આવકમર્યાદાનથી | | સરકારી/અનુદાનિત પ્રાથમિકશાળા |
| ૩ | બી.સી.કે.૭૬ પ્રિ.એસ..એસ.સી.ના વિદ્યાર્થીઓની શિષ્યવૃતિ(ધો. ૫થી૧૦) | સા.શૈ.પ.વર્ગ | ધો. ૫થી ૮ | કુમાર | રૂ.૫૦૦/- | આવકમર્યાદાનથી | | સરકારી/અનુદાનિત પ્રાથમિકશાળા |
| | | | ધો. ૯થી૧૦ | | રૂ.૭૫૦/- | રૂ.૪૭૦૦૦/- | રૂ.૬૮૦૦૦/- | સરકારી/અનુદાનિત માધ્યમિકશાળા |
| | | | ધો. ૧૦ પરીક્ષા ફી | | રૂ.૨૫૦/- | | | |
| | | | ધો. ૫ | કન્યા | રૂ.૫૦૦/- | આવકમર્યાદાનથી | | સરકારી/અનુદાનિત પ્રાથમિકશાળા |
| | | | ધો. ૬થી૧૦ | | રૂ.૭૫૦/- | રૂ.૪૭૦૦૦/- | રૂ.૬૮૦૦૦/- | સરકારી/અનુદાનિત માધ્યમિકશાળા |
| ૪ | બી.સી.કે.૭૬પ્રિ.એસ..એસ.સી.નાવિદ્યાર્થીઓની શિષ્યવૃતિ (ધો.૫થી૧૦) | આ.પ.વર્ગ | ધો. ૫થી ૮ | કુમાર | રૂ.૫૦૦/- | આવકમર્યાદાનથી | | સરકારી/અનુદાનિત પ્રાથમિકશાળા |
| | | | ધો. ૯થી૧૦ | | રૂ.૭૫૦/- | રૂ.૪૭૦૦૦/- | રૂ.૬૮૦૦૦/- | સરકારી/અનુદાનિત માધ્યમિકશાળા |
| | | | ધો. ૧૦ પરીક્ષા ફી | | રૂ.૨૫૦/- | | | |
| | | | ધો. ૫ | કન્યા | રૂ.૫૦૦/- | આવકમર્યાદાનથી | | સરકારી/અનુદાનિત પ્રાથમિકશાળા |
| | | | ધો. ૬થી૧૦ | | રૂ.૭૫૦/- | રૂ.૪૭૦૦૦/- | રૂ.૬૮૦૦૦/- | સરકારી/અનુદાનિત માધ્યમિકશાળા |
| ૫ | બી.સી.કે.૭૬પ્રિ.એસ..એસ.સી.ના વિદ્યાર્થીઓની શિષ્યવૃતિ (ધો. ૧થી૧૦) | લઘુમતી | ધો. ૧થી૮ | કુમાર | રૂ.૫૦૦/- | આવકમર્યાદાનથી | | સરકારી/અનુદાનિત પ્રાથમિકશાળા |
| | | | ધો. ૯થી૧૦ | | રૂ.૭૫૦/- | રૂ.૪૭૦૦૦/- | રૂ.૬૮૦૦૦/- | સરકારી/અનુદાનિત માધ્યમિકશાળા |
| | | | ધો. ૧૦ પરીક્ષા ફી | | રૂ.૨૫૦/- | | | |
| | | | ધો. ૧થી ૫ | કન્યા | રૂ.૫૦૦/- | આવકમર્યાદાનથી | | સરકારી/અનુદાનિત પ્રાથમિકશાળા |
| | | | ધો. ૬થી૧૦ | | રૂ.૭૫૦/- | રૂ.૪૭૦૦૦/- | રૂ.૬૮૦૦૦/- | સરકારી/અનુદાનિત માધ્યમિકશાળા |

| | યોજનાનુંનામ | જાતિ | ધોરણ | કુમારકન્યા | શિષ્યવૃતિદર (વાર્ષિક) | વાર્ષિકઆવકમર્યાદા ગ્રામ્યવિસ્તાર | વાર્ષિકઆવકમર્યાદા શહેરીવિસ્તાર | શાળાઓનીવિગત |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૬ | બી.સી.કે.૧૩૬ પ્રિ.એસ..એસ. સી.નાવિદ્યાર્થીઓની શિષ્યવૃતિ (ધો.૧થી૧૦) | વિચરતીવિમુક્ત | ધો. ૧થી ૮ | કુમાર | રૂા.૫૦૦/- | આવકમર્યાદાનથી | | સરકારી/અનુદાનિત પ્રાથમિકશાળા |
| | | | ધો. ૯થી૧૦ | | રૂા.૭૫૦/- | રૂા.૪૭૦૦૦/- | રૂા.૬૮૦૦૦/- | સરકારી/અનુદાનિત માધ્યમિકશાળા |
| | | | ધો. ૧૦ પરીક્ષા ફી | | રૂા.૨૫૦/- | | | |
| | | | ધો. ૧થી ૫ | કન્યા | રૂા.૫૦૦/- | આવકમર્યાદાનથી | | સરકારી/અનુદાનિત પ્રાથમિકશાળા |
| | | | ધો. ૬થી૧૦ | | રૂા.૭૫૦/ | રૂા.૪૭૦૦૦/- | રૂા.૬૮૦૦૦/- | સરકારી/અનુદાનિત માધ્યમિકશાળા |
| ૭ | બી.સી.કે.૮૫ ધો. ૧થી૮ના વિદ્યાર્થીઓને ગણવેશસહાય | સા.શૈ.પ.વર્ગ | ધો. ૧થી ૮ | કુમારકન્યા | રૂા.૩૦૦/- | આવકમર્યાદાનથી | | સરકારી/અનુદાનિત પ્રાથમિકશાળા |
| ૮ | બી.સી.કે.૮૫ધો. ૧થી૮ના વિદ્યાર્થીઓને ગણવેશસહાય | આ.પ.વર્ગ | ધો. ૧થી ૮ | કુમારકન્યા | રૂા.૩૦૦/- | આવકમર્યાદાનથી | | સરકારી/અનુદાનિત પ્રાથમિકશાળા |
| ૯ | બી.સી.કે.૮૫ધો. ૧થી૮ના વિદ્યાર્થીઓને ગણવેશસહાય | લઘુમતી | ધો. ૧થી ૮ | કુમારકન્યા | રૂા.૩૦૦/- | આવકમર્યાદાનથી | | સરકારી/અનુદાનિત પ્રાથમિકશાળા |
| ૧૦ | બી.સી.કે૧૪૦ધો. ૧થી૮ના વિદ્યાર્થીઓને ગણવેશસહાય | વિચરતીવિમુક્ત | ધો. ૧થી ૮ | કુમારકન્યા | રૂા.૩૦૦/- | આવકમર્યાદાનથી | | સરકારી/અનુદાનિત પ્રાથમિકશાળા |
| ૧૧ | બી.સી.કે. ૨૮૯ ભારત સરકારની પ્રિ.મેટ્રીક શિષ્યવૃત્તિ | સા.શૈ.પ.વ. પૈકીની અતિ-વધુ પછાત જાતિ | ધો. ૧ થી ૧૦ | કુમાર કન્યા | ડેસ્કોલર | | | સરકારી/અનુદાનિત પ્રાથમિકશાળા |
| | | | | | ધો. ૧ થી ૫ | ૭૫૦/- | | |
| | | | | | ધો. ૬ થી ૮ | ૯૦૦/- | | |
| | | | | | ધો. ૯ થી ૧૦ | ૧૦૦૦/- | | |
| | | | | | હોસ્ટેલર | | | |
| | | | | | ધો. ૩ થી ૮ | ૨૫૦૦/- | | |
| | | | | | ધો. ૯ થી ૧૦ | ૩૦૦૦/- | | |
| | | | | | આવક મર્યાદા રૂા.૪૪,૫૦૦/- | | | |